કૃપાકરી પ્રસિધ્ધી માટે - ૧૨ જાન્યુઆરી, ૨૦૧૦

**માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક અને મહારાષ્ટ્ર કુષ્ઠપીડિત સંગઠન અધ્યક્ષ શ્રી પ્રકાશ કુલકર્ણી એ ૧૨ જાન્યુઆરી ૨૦૧૦ નાં મુંબઈ ખાતે પત્રકાર પરિષદમાં વિતરીત કરેલ નિવેદન**

# *કુષ્ઠપીડિતોની માગણીઓ મંજૂર નહીં થાય તો કુષ્ઠપીડિતો આત્મદહન કરશે*

**મુંબઈ, મંગળવાર :** ''મહારાષ્ટ્ર કુઠપીડિત સંગઠનની વતી ૧૮ માગણીઓની સનદ મુખ્યપ્રધાન શ્રી અશોક ચવ્હાણ ને રજૂ કરાઈ હોવાથી તે બાબતે સમાધાનકારક તોડ ન કઢાયો તો કુઠપીડિતો સામુહિક દહન કરશે '' આ મુજબની ચેતવણી માજી પેટ્રોલિયમ પ્રધાન શ્રી રામ નાઈક અને મહારાષ્ટ્ર કુષ્ઠપીડિત સંગઠનનાં અધ્યક્ષ શ્રી પ્રકાશ કુલકર્ણી એ આજે મુંબઈ ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં આપેલ છે. તેમજ માગણીઓનાં સમર્થન માટે ૩૦ જાન્યુઆરી મહાત્મા ગાંધી પુણ્યતિથી અને વૈશ્વિક કુષ્ઠરોગ નિર્મૂલન દિવસ નાં સંદર્ભે મુંબઈમાં આઝાદ મેદાન થી મંત્રાલય પર મોર્ચો પણ નિકળવાનો હોવાનું શ્રી રામ નાઈક અને શ્રી પ્રકાશ કુલકર્ણી એ કહ્યું હતું.

કુષ્ઠપીડિતો ની માગણી બાબતે વધુ માહિતિ આપતાં શ્રી રામ નાઈક અને શ્રી પ્રકાશ કુલકર્ણી એ કહ્યું કે કુષ્ઠપીડિતોની માગણી બાબતે તત્કાલીન ઉપમુખ્યપ્રધાન શ્રી આર.આર. પાટીલ સાથે ૧૪ ફેબ્રુઆરી ૨૦૦૬ અને ૬ ઑગષ્ટ ૨૦૦૮ નાં વિસ્તારપુર્વક ચર્ચા થયાં બાદ અમુક માગણીઓ માન્ય કરવાનું તેમણે આશ્વાસન તેમણે આપ્યું, પરંતુ તે મુજબની કાર્યવાહી થઈ નહીં. ત્યારબાદ ૨૨ ડિસેંબર ૨૦૦૮ નાં મુખયપ્રધાન શ્રી અશોક ચવ્હાણ ને લેખિત નિવેદન આપી તેમજ તેમનાં સચિવાલય ને મૌખિક સ્મરણ આપીને પણ મુલાકાત નો સમય મળ્યો નહીં. એ સિવાય કુષ્ઠપીડિતો ની સમસ્યા બાબતે રાજયસભાને ૫ ડિસેંબર ૨૦૦૭ નાં વિનંતી - અર્જી રજૂ કરવામાં આવી હતી . રાજયસભા ની વિનંતી અર્જી સમિતીએ ૨૪ ઓકટોબર ૨૦૦૮ નાં તેમનો અહેવાલ સંસદ ને રજૂ કરી અનેક સિફારશો કરી તેના પર પણ હજૂ સૂધી કેંદ્ર અને રાજય સરકારે કાર્યવાહી કરી નથી. એનું સ્વાભાવિક પરિણામ કુષ્ઠપીડિતો નાં પરિવારો પર થયું હોઈ તેમના વતી ૩૦ જાન્યુઆરી નાં મોર્ચો કાઢવાનો નિર્ણય મહારાષ્ટ્ર કુષ્ઠપીડિત સંગઠને લીધો છે. તે દિવસે મુખ્યપ્રધાન ને ચર્ચા કરવા માટે સમય આપવાની વિનંતી કરવામાં આવી છે.

..૨..

અઢાર માગણીઓની સનદ મુખ્યપ્રધાન ને ૫ જાન્યુઆરી નાં રોજે રજૂ કરવામાં આવેલ છે. તેમાં આ મુજબની માગણીઓ મૂકાઈ છે : ૧) રાજયસભા સમિતી ની સિફારશ મુજબ પ્રત્યેક કુષ્ઠપીડિતને રૂ.૨૦૦૦/- નું માસિક અનુદાન આપવામાં આવે. ૨) કર્ણાટક, ગુજરાત અને દિલ્હી રાજય સરકાર જે પ્રમાણે કુઠપીડિતો ને નોકરી આપે છે એ પ્રમાણે મહારાષ્ટ્રમાં નોકરીઓ આપવામાં આવે. ૩) કુષ્ઠરોગ મુકત નાગરીકોની નોકરી બદલ આરક્ષણનો અનુશેષ ભરવામાં આવે. ૪) અપંગ વિકાસ મહામંડળની ધરતી પર કુષ્ઠપીડિતોને પણ સગવડદાયક દરે વ્યવસાય માટે લોન પુરવઠો કરી આપવો. ૫) કુષ્ઠપીડિતો નાં સંતાનોને ઉચ્ચ શિક્ષણ સહિત સર્વપ્રકારનું શિક્ષણ મફત માં આપવું. ૬) કુષ્ઠપીડિતોને શાસકીય નોકરી માટે ૪૦ ટકા અપંગત્વની શરત રદ્દ કરવી. ૭) મહાનગરપાલિકા અથવા અન્ય સરકારી સંસ્થાની જમીનનાં ભાડા, મકાનકર જેવાં ટેકસ માં ૭૫ ટકા રાહત આપવી. ૮) વિર્સજીત કરેલા કુષ્ઠરોગી મહામંડળ ની પુર્નસ્થાપના કરી તેના પર વસાહત માં રહેનારાં કુષ્ઠપીડિતો ને પ્રતિનિધિત્વ આપવામાં આવે. ૯) કુષ્ઠપીડિતો ને માટે દેશ નાં ધોરણે યોજના આંકવા અને કેંદ્ર સરકાર પાસે વિશેષ અનુદાન મળે તે માટે પ્રયત્ન કરવા.૧૦) શાસકીય કુષ્ઠરોગ નિવારણ સમિતી ના અહેવાલ ની તાત્કાલિક ધોરણે અમલબજાવણી કરવી. ૧૧) કુષ્ઠપીડિતોની વસાહત જે જગ્યા પર છે ત્યાંજ તેમનું પુનર્વસન કરી સર્વે ને ફોટોપાસ આપવામાં આવે. ૧૨) કુષ્ઠપીડિતોનાં સક્ષમ સંતાનોને ઑટોરિક્ષા પરમિટ આપવી. ૧૩) કુષ્ઠપીડિતોની વસાહત દરેક બે જણ ને દર્દી ને હાથ પગ નાં જખમ ઉપર મલમપટ્ટી કરવા માટે વસાહતી ના નામે માનધન આપવામાં આવે.૧૪)કુષ્ઠપીડિતો નાં પરિવારોને દરિદ્રિરેકા તળે સમજી ને બે રૂપિયે કિલો એ ૨૦ કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ના ભાવે ૧૫ કિલો ચોખા આપવામાં આવે.૧૫) કેંદ્ર સરકારની ગરીબી રેખા તળે ની ગૃહનિર્માણ યોજનામાં થી કુષ્ઠપીડિત પરિવારોને મકાન બાંધી આપવા.આવી વસાહતો તમિલનાડુ, દિલ્લી વગેરે રાજય સરકારે બાંધેલ છે. ૧૬) કુષ્ઠપીડિતો ની વસાહત ને પાણી અને વીજળી મફત આપવામાં આવે.૧૭) રાજયસભા ની વિનંતી - અરજી સમિતી નાં અહેવાલમાંની સિફારશો અમલમાં લાવવી.૧૮) કુષ્ઠરોગ નિર્મૂલન અને પુનર્વસન ક્ષેત્રમાં કાર્યરત હોય તેવી સંસ્થા ના પ્રશ્નો સમજીને નિરાકરણ કરવું.

"અઢાર માગણીઓની સનદ મેળવી લેવાનો સંકલ્પ કરવા માટે મહારાષ્ટ્ર માં ના કુઠપીડિત ભાઈ - બહેનો એ બહોળી સંખ્યામાં મોર્ચામાં સામેલ થાય" તેવું આવાહ્ન પણ શ્રી રામ નાઈક અઊદ્ધને શ્રી પ્રકાશ કુલકર્ણી એ પત્રક ને અંતે કરેલ છે.

**(સચિવ)વતી**